જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૪/૨૦૧૬ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૮૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૧૨૪ લીટર દેશી દારૂ અને ૦૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૯ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૨૪ બિયરટીન અને ૦૧ એક્ટીવા કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૮૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૭૮૪/૧૬**

**ખાડીયા** : દેવમ્મા બાબુમુતૈયા ભોંઇ (રહે. મણીનગર રેલવે સ્ટેશનની પાસે છાપરાંમાં, મણીનગર) એ તા. ૨૬/૪/૧૬ નારોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૪/૧૬ સાંજનાં ૬/૦૦ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન સારંગપુર ચેતન ક્લોથ માર્કેટ નજીકથી પોતાના પુત્ર નંદુ (ઉ.વ.૧૧) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.ડી.ખાંભલા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૮૫/૧૬**

વટવા : પૃથ્વીરાજસિંહ ગીરીવરસિંહ રાઠોડ (રહે.જય સોમનાથ સાર્થક સોસાયટી ની સામે, પી.ડી.પંડ્યા કોલોજ રોડ, ઘોડાસર, વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૪/૧૬ સાંજના ૫/૦૦ થી તા.૨૬/૦૪/૧૬ સવારના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧,૯૨,૨૫૦/- મત્તાની ચોરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી આર.જે.ઠુમ્મર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૮૬/૧૬**

**રીવરફ્રંટ વેસ્ટઃ** હરેશભાઇ મહેશભાઇ મકવાણા (ઉ.વ.૧૮)(રહે.ગણેશનગરનાં છાપરાં, પાવરહાઉસની બાજુમાં, પીરાણા રોડ, પીપરજ ગામ, વટવા) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૬/૪/૧૬ નાં કલાક ૮/૧૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી રીવરફ્રંટ, એન.આઈ.ડી.પાછળ, રેમ્પ નંબર -૩ નજીક, નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી ખોડાભાઇ અરજણભાઇ ચલાવે છે.

**મેઘાણીનગર** : મહેશભાઇ સુખદેવભાઇ હિંગળે (ઉ.વ.૩૮) (રહે.છગનજીની વાડી, લક્ષ્મીનગરની પાછળ, મેઘાણીનગર) એ કોઇ અગમ્ય કારણોસર તા.૨૬/૪/૧૬ સાંજના ૫/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી, ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.બી.પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)